ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૮ ટકા

# શહેરમાં શરદપૂનમની ઉલ્લાસપૂર્ણ ઉજવણી

**મોટાભાગના શેરી ગરબામાં શરદપૂનમના રાસ-ગરબા સાથે દૂધ પૌંઆની મિજબાની : સ્માર્ટ પ્લસ ફિલ્મસની શરદરાત્રિમાં તારક મહેતા... સિરિયલના જેઠાલાલ અને ટપૂડો ઉપસ્થિત રહ્યા : એબીવીપીના રાસ ગરબામાં ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઉમટયા**













ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં શરદપૂર્ણિમાનું પર્વ આનંદ-ઉલ્લાસપૂર્વક ઉજવાયું હતું. શહેરના લગભગ તમામ શેરી ગરબાઓ ખાતે શરદપૂનમના રાસ ગરબાના આયોજન સાથે નાગરિકોએ દૂધ-પૌંઆની મોજ પણ માણી હતી. આ સાથે શરદપૂર્ણિમાના સંસ્થાકીય કે ખાનગી આયોજનો પણ મોટા પ્રમાણમાં જોવા મળ્યા હતા. શહેરમાં ગીફટસીટી રોડ પર સ્માર્ટ પ્લસ ફિલ્મ્સ દ્વારા આયોજિત શરદરાત્રિ ૨૦૧૭માં લોકપ્રિય ટીવી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના કલાકારો જેઠાલાલ ઉર્ફે દિલીપ જોષી અને ટપૂડો ઉર્ફે ભવ્ય ગાંધીએ પણ ઉપસ્થિત રહી ખેલૈયાઓનો જુસ્સો વધાર્યો હતો. મધુર ડેરી ખાતે પણ શરદપૂનમના રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પરિવાર સહિત નાગરિકોએ ભાગ લીધો હતો.

શહેરમાં તમામ વસાહતો, સોસાયટીઓ તથા રહેણાંક વિસ્તારોમાં જયાં નવરાત્રિની પરંપરાગત ઉજવણી થાય છે તેવા લગભગ તમામ શેરી ગરબામાં શરદપૂર્ણિમા નિમિત્તે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે શરદપૂનમના ચાંદની શીતળ ચાંદનીમાં ઠંડા કરાયેલા દૂધ-પૌંઆના સમૂહ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ શાળાઓમાં પરીક્ષાઓ ચાલી રહી હોવા છતાં શરદપૂર્ણિમાના રાસ ગરબામાં બાળકો તથા યુવાનોએ હોંશથી ભાગ લીધો હતો. ગાંધીનગરના ગુડા વિસ્તારો જેવા કે વાવોલ, કુડાસણ, સરગાસણ, રાયસણ, રાંદેસણ વગેરે તમામ જગ્યાએ નવનિર્મિત સોસાયટીઓમાં પણ શરદપૂનમની ઉજવણી ઉલ્લાસપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી.

●શરદરાત્રિ-૨૦૧૭

ગાંધીનગરમાં છેલ્લા ૨ વર્ષથી સ્માર્ટ પ્લસ ફિલ્મ્સ એન્ડ ઈવેન્ટસ દ્વારા આયોજિત શરદરાત્રિ-૨૦૧૭માં જાણીતી ટીવી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના કલાકારો જેઠાલાલ ઉર્ફે દિલીપ જોષી અને ટપૂડો ઉર્ફે ભવ્ય ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે અહીં યુવા ખેલૈયાઓ મોટી સંખ્યામાં રાસ ગરબાની મોજ માણવા ઉમટી પડયા હતા.

●અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ

ગાંધીનગરના હાર્દ સમા ઘ-૫ સર્કલ પાસેના ઓપન થીયેટર ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કોલેજના યુવા વિદ્યાર્થીઓ માટે શરદપૂનમની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં અહીં ઉમટી પડેલા વિદ્યાર્થીઓ સાથે એબીવીપીના રાષ્ટ્રીય હોદ્દેદારો, અમદાવાદના એસીપી, આરએસએસની ભગિની સંસ્થાઓના કાર્યકર્તાઓ તથા એબીવીપીના ગાંધીનગર એકમની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ રાસ ગરબામાં વિવિધ કોલેજના મળીને આશરે ૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ રાસ ગરબે ઘુમ્યા હતાં.

●જલારામ મંદિર, સે-૨૯

શહેરના સુપ્રસિધ્ધ જલારામ મંદિર ખાતે પણ દર વર્ષની જેમ પરંપરાગત રીતે શરદપૂનમના રાસ ગરબાનું આયોજન કરાયું હતું. આ રાસ ગરબામાં યોજાયેલ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

## @ગાંધીનગર

● ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છા બેઠક સવારે ૯.૩૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદી પ્લોટ નં. ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે મળશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સે-૩-સી ખાતેના કલ્ચરલ સ્કવેર ખાતે આયોજિત શરદપૂનમના ગરબામાં સેકટરના વડિલોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર્સ હિરલ જોષી, રાકેશ પટેલ અને જયરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

## ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૬

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ, ગુ.રા. ગાંધીનગરના વર્ષ ૨૦૧૬-૧૭ના કામકાજ અને હિસાબોના અહેવાલની બહાલી, ટ્રસ્ટના કામકાજ સંબંધી સૂચનો તથા ભાવી આયોજનના પરામર્શ માટે આગામી તા. ૮-૧૦-૨૦૧૭ના રવિવારના રોજ બપોરે ૧૨ કલાકે નગરપાલિકા ભવન, સે-૧૧, જિલ્લા કોર્ટની પાછળ, ગાંધીનગર ખાતે ચૌદમની વાર્ષિક સાધારણ સભા રાખવામાં આવેલ છે. જેમાં હાજર રહેવા સર્વે સભાસદોને અનુરોધ કરવામાં આવે છે.

## ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટર-૭-ડીના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ સેકટર-૭-ડીની વાર્ષિક સભા મળી હતી. વાર્ષિક હિસાબોની મંજુરી બાદ નવી કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવી હતી.

નવી કાર્યવાહક સમિતિના હોદ્દેદારો ૨૦૧૭-૧૮થી ૨૦૨૦-૨૧ સુધી રહેશે. જેમાં પ્રમુખ-જયંતકુમાર જી. ભટ્ટ, કાર્યકારી પ્રમુખ સુમંતભાઈ એમ. શાહ, ઉપપ્રમુખ-ભુપતભાઈ ભૂતડીયા, કાન્તિભાઈ આર. પટેલ, મંત્રી-અનિલભાઈ જાની, કેશવગીરી ગોસ્વામી, સંગઠન મંત્રી-ભકિતાભાઈ એસ. કારીયા, ખજાનચી-દિનેશભાઈ સી. મોદી, સલાહકાર-પ્રવિણભાઈ એમ. દોશી, કાયદા સલાહકાર-જગદીશભાઈ વી. પટેલ, સભ્ય-નટુભાઈ લાડાણી, મહેશભાઈ ડી. રાવલ અને મયુરભાઈ એ. શાહનો સમાવેશ થાય છે.

પ્રમુખ તરીકે જયંતભાઈ ભટ્ટ છેલ્લા ૨૦ વર્ષથી કાર્ય કરી રહ્યા છે. સુમંતભાઈ શાહ કાર્યકારી પ્રમુખ તરીકે નવ વર્ષથી અને ૧૧ વર્ષ સુધી મહામંત્રી તરીકે ફરજ બજાવી રહેલ છે. ભૂપતભાઈ ભૂતડીયા અને કેશવગીરી ગોસ્વામી સક્રિય છે. સર્વે કાર્યવાહક સમિતિના સભ્યો-નિવૃત્ત અધિકારીઓના પ્રશ્નો અંગે સજાગ છે.

## લીંબોદરાના દલિત યુવકને તેના મિત્રોએ જ બ્લેડ મારી હતી..!

**મીડીયામાં છવાઈ જવા યુવકે મિત્રો સાથે મળીને તરકટ કર્યું હોવાનો પોલીસનો દાવો**

ગાંધીનગર, તા.૬

રાજયભરમાં ચકચાર મચાવી દેનાર લીંબોદરામાં દલિત યુવક પર હુમલાઓની ઘટનામાં છેલ્લો થયેલો હુમલો ભોગ બનનાર યુવકે જાતે જ કરાવ્યો હોવાનું પોલિસ તપાસમાં ખુલ્યું હોવાનો પોલિસે દાવો કર્યો છે. ગાંધીનગર જિલ્લા પોલિસ અધિક્ષકે પ્રેસ કોન્ફરન્સ કરીને સમગ્ર ઘટના ભોગ બનનાર લીંબોદરાના યુવકે મીડીયામાં છવાઈ જવા મિત્રો સાથે મળીને તરકટ કર્યું હોવાનું તપાસમાં ખુલ્યુ હોવાનો ઘટસ્ફોટ કરતા આ ઘટનામાં નવો વળાંક આવ્યો છે.

લીંબોદરા ગામમાં મુછ રાખવા બાબતે દરબારે દલિત યુવક પર હુમલો કર્યાની ઘટનાએ રાજયભરમાં ચકચાર મચાવી છે ત્યારે આ કેસના સાક્ષી દિગંત મહેરીયા પર તાજેતરમાં બ્લેડ વડે હુમલો થયાની ઘટના પ્રકાશમાં આવતા મામલો બિચકયો છે. આ ઘટના અંગે એફએસએલ ઓફીસર જી.પી. દરબારની મદદ લઈ પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા શંકા ગઈ હતી જે આધારે ક્રોસ ઈન્ટ્રોગેશન શરુ કરતા કેસમાં નવો વળાંક આવ્યો છે. ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવના જણાવ્યાનુસાર તપાસમાં ખુલ્યું છે કે દિગંતે ગામના જ એક આઠ વર્ષના બાળક પાસેથી છુટક બ્લેડ મંગાવી હતી અને તેની સાથે અભ્યાસ કરતા બે મિત્રોને સાથે લઈ જઈ જાતે જ પોતાના બરડામાં બ્લેડ મરાવી હતી. મીડીયામાં અને સોશ્યલ મીડીયામાં છવાઈ જવા તેણે આ કૃત્ય કર્યું હોવાની કબુલાત પોલિસ સમક્ષ કરી હોવાનું પોલિસ જણાવી રહી છે. સમગ્ર ઘટનાની તપાસ એસ.સી.એસ.ટી. સેલના ડીવાયએસપી આર.જી. ભાવસારે હાથ ધરી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**આદિત્ય ઉપાધ્યાય**

**ગાંધીનગર ગમે**

આંતરરાષ્ટ્રીય પ્રવાસન ધામ અક્ષરધામ, મહાત્મા ગાંધી મંદિર, બગીચા, સ્કૂલ્સ, કૉલેજીસ, વ્યવસ્થિત પહોળા રસ્તા, રાજયનું પાટનગર હોવાના કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

દેશના સર્વધર્મ, જુદી-જુદી ભાષા, રીતરિવાજો હોવા છતાં એક થઈને નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, અક્ષરધામ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

દરેક જાગૃત નાગરિકે સ્વચ્છતા, વ્યસનમુકિત, વૃક્ષારોપણ, નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી રહેવું જોઈએ. શહેરના માર્ગો પર ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઈએ, શિક્ષણ ક્ષેત્રે એકબીજાને માર્ગદર્શન આપવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**

સામાજિક સેવાભાવી સંસ્થાઓ સાથે નિઃસ્વાર્થભાવે સેવાકીય કાર્યો કરવા હું તત્પર છું.

## ભાઈજીપુરા પાટીયા પાસે બાઈક સ્લીપ થઈ જતા વૃદ્ધાનું મૃત્યુ

**અમદાવાદનું વૃદ્ધ દંપતિ બાઈક પર લોદરા પૂનમ ભરવા ગયું હતું અને સવારે પરત ઘરે જતાં અકસ્માત થયો**

ગાંધીનગર, તા.૬

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં રહેતું વૃદ્ધ દંપતી માણસા તાલુકાના લોદરા ગામે પૂનમ ભરવા ગયું હતું અને સવારે બાઈક પર પરત ઘરે જઈ રહ્યા હતા તે દરમિયાન કોબાથી થોડે આગળ ભાઈજીપુરા પાટીયા પાસે બાઈક સ્લીપ થઈ ગયું હતું. આ અકસ્માતમાં બાઈક સવાર વૃદ્ધાનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

સાબરમતી ખાતે રવિપાર્ક સોસાયટીમાં રહેતા મિતેષભાઈ પ્રજાપતિના ૬૦ વર્ષીય માતા મંજુલાબેન અને ૬૫ વર્ષીય પિતા મંગળભાઈ પ્રજાપતિ બાઈક લઈને માણસા નજીક લોદરા ગામે મંદિરે પૂનમ ભરવા ગયા હતા. પૂનમ ભરીને આજે વહેલી સવારે બાઈક લઈને વૃદ્ધ દંપતી પરત ઘર તરફ જઈ રહ્યું હતું ત્યારે ભાઈજીપુરા પાટીયા પાસે અચાનક બાઈક સ્લીપ ખાઈ ગયું હતું. બાઈક સ્લીપ થઈ જતા બાઈકની પાછળ બેઠેલા મંજુલાબેનનું ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું જયારે બાઈક ચાલક મંગળભાઈને ગંભીર ઈજા થવા પામી હતી. ઈન્ફોસીટી પોલીસે મિતેષ પ્રજાપતિની ફરિયાદને આધારે મૃતક માતાનો મૃતદેહ પીએમ કરાવી બાઈક ચાલક પિતા સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સિવિલના ગેટ પાસેથી મોબાઈલ ચોર ઝડપાયો

**સવા બે મહિના પહેલા એસ.ટી.ડેપોમાં બસમાં ચઢતી મહિલાનો મોબાઈલ સેરવી લીધો હતો**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર એલસીબીની ટીમે બાતમી આધારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગેટ પાસેથી એક શકમંદને સેમંસગ જે-૭ પ્રાઈમ મોબાઈલ સાથે પકડી પાડયો હતો. મોબાઈલ અંગે સઘન પુછતાછ કરતા બહાર આવ્યું કે તે શખ્સે સવા બે મહિના પહેલા ગાંધીનગર એસ.ટી. ડેપોમાં બસમાં ચઢતી એક મહિલા મુસાફર પાસેથી આ મોબાઈલ સેરવી લીધો હતો. મોબાઈલ રીકવર કરીનો એલસીબીએ આ શખ્સની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમના એએસઆઈ હજારીસિંહને બાતમી મળી હતી કે સિવિલ હોસ્પિટલના ગેટ પાસે એક શકમંદ ફરી રહ્યો છે. જેને આધારે એલસીબીની ટીમે સિવિલ હોસ્પિટલના ગેટ પાસેથી મહેસાણાના કસ્બામાં રહેતા દિલીપ મનુ દંતાણી નામના શખ્સને પકડી પાડયો હતો. તેની પાસેથી સેમસંગનો રૂ. ૨૦ હજારની કિંમતનો મોબાઈલ મળી આવ્યો હતો. આ મોબાઈલ અને તેના બિલ વિશે સઘન પુછપરછ કરતા તે સંતોષકારક જવાબ આપી શકયો ન હતો. એલસીબી કચેરીએ લાવીને તેની સઘન પુછપરછ કરતા બહાર આવ્યું કે સવા બે મહિના પહેલા તેણે આ મોબાઈલ ગાંધીનગર એસ.ટી. ડેપોમાં અમદાવાદથી વિજાપુર જતી બસમાં ચઢતી એક મહિલાના થેલામાંથી સેરવી લીધો હતો. આ મોબાઈલ રીકવર કરીને આરોપીની ધરપકડ કરી એલસીબીએ આરોપી સેકટર-૭ પોલિસને સોંપી દીધો છે.






'આપણા હવાઈ દળને ઓળખો' શિર્ષક અંતર્ગત ગાંધીનગર-સરખેજ રોડ પરની નિરમા યુનિવર્સિટી ખાતે એરફોર્સનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. ભારતના મહિલા રક્ષામંત્રી નિર્મલા સીતારામને આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

## પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે આજે વાલી મીટિંગ

ગાંધીનગર, તા. ૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે વર્તમાનમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના વાલીઓની એક મીટિંગનું આયોજન શનિવાર, તા. ૭ ઑક્ટોબરના રોજ સવારે ૯.૩૦થી ૧૧ દરમિયાન કરવામાં આવ્યું છે. સૌ વાલીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા કૉલેજ પરિવાર તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

## મનપાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નોનો નિવેડો લાવવા રજૂઆત

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગરપાલિકાના સફાઈ કામદારોના પ્રશ્નોનો નિકાલ છેલ્લા કેટલાય વર્ષથી થતો નથી. ગાંધીનગર મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારો, આઉટ સોર્સથી સફાઈ કામદારો, શૌચાલય ઉપર ફરજ બજાવતા કર્મચારીઓ, ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરતા કામદારો એક જુથ થઈને સંગઠનો એકત્રિત થઈને કોર્પોરેશનને ભીંસમાં લેવાની તૈયારીઓ કરી રહ્યા છે તેમજ અચોકકસ મુદતની હડતાલ ઉપર જવાની તૈયારીઓ તથા ચર્ચાઓ કરી રહ્યા છે.

## અશકત વૃધ્ધોના અંતિમ સંસ્કારમાં આધારનું અડચણ

**દૃષ્ટિહીન, પગે ચાલી ન શકતા, અશકત વૃધ્ધોના આધાર કાર્ડ બન્યા જ નથી : યોગ્ય વ્યવસ્થા સાથે નિર્ણયની ફેર વિચારણાની માંગ**

ગાંધીનગર, તા.૬

સરકારે તાજેતરમાં જન્મ-મરણ નોંધણી માટે આધાર કાર્ડ ફરજીયાત કરી દીધું છે. સરકારનો આ નિર્ણય યોગ્ય સમીક્ષા વગરનો હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. જેમાં ખાસ કરીને અશકત વયોવૃધ્ધ લોકો કે જેઓ પોતાની શારીરિક તકલીફના કારણે જનસેવા કેન્દ્ર સુધી જઈ શકતા નથી કે પછી લઈ જવાય તેવી સ્થિતિ નથી તેઓના આધાર કાર્ડ બની શકતા નથી. વધુમાં અંતિમધામોમાં પણ અંતિમ સંસ્કાર સમયે આધાર કાર્ડ જરૂરી હોવાનું પણ આ નિર્ણયમાં સમાવેશ કરાયો હોવાની બાબતથી વયોવૃધ્ધોના અંતિમ સંસ્કારમાં પણ અચડણ ઉભી થઈ છે જેથી સરકાર આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરીને નિર્ણય કરે તેવી માંગ ઉઠવા પામી છે.

જન્મ-મરણ પ્રમાણપત્રો ખોટી રીતે બનાવી થતાં દૂરપયોગને રોકવા ૧ ઓકટોબરથી સરકારે જન્મ અને મરણ નોંધણીમાં આધાર કાર્ડ ફરજીયાત બનાવી દીધું છે. જેમાં ખાસ કરીને દૃષ્ટિહીન અને પગે ચાલી ન શકતા વયોવૃધ્ધો માટે મુશ્કેલી ઉભી થઈ છે. સરકારના નિયત સ્થળોએ જઈ આધારકાર્ડની પ્રક્રિયા કરવાની હોય છે જેમાં આ અશકત વયોવૃધ્ધ જઈ શકતા નથી અને લઈ જવા પણ અશકય હોય છે જેથી આવા વડીલોના આધારકાર્ડ આજદિન સુધી બન્યા નથી. સરકારના નિર્ણયથી અશકત વડીલોના આધાર કાર્ડ વગર અંતિમ સંસ્કાર પણ અવઢવમાં આવી ગયા છે અને પરીવાર ચિંતામાં મુકાઈ ગયો છે.

૧ ઓકટોબરથી અમલી બનેલા ફરજીયાત આધારકાર્ડના સરકારના નિર્ણયનો અશકત વડીલના પરિવારોએ વિચાર્યા વગરનો ગણાવી ફેર વિચારણા કરવા માંગ કરી છે. વધુમાં સરકારે આવા અશકત વયોવૃધ્ધો માટે હેલ્પલાઈન ચાલુ કરી તેમના ઘરે જઈ આધારકાર્ડ પ્રક્રિયા થાય તો દરેક વડીલો આધારકાર્ડથી જોડાઈ જાય તેવી શકયતાઓ પણ રહેલી છે. સરકારના ફરજીયાત આધારકાર્ડનો નિર્ણય ફ્રોડ કરતાં લોકોને રોકવા આવકારદાયક બન્યો છે પરંતુ તેની પાછળ અશકય વયોવૃધ્ધના અંતિમ સંસ્કારમાં અડચણ પેદા થઈ રહી છે જેથી આ નિર્ણયમાં જરુરી ફેરફારની આવશ્યકતા ખુબ જ અગત્યની હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ડેલીવાળા રાજેશભાઈ મનુભાઈ, ઉ.વ. ૫૬
- સ્વ. હંસાબેન વિઠ્ઠલભાઈ દંતાણી, ઉ.વ. ૪૬